# ડીસા સહિત સાત એસ.ટી. ડેપોના કર્મચારી હડતાલ પર

ડીસા, તા. ૨૩

બનાસકાંઠાના ડીસા, રાધનપુર, પાલનપુર, અંબાજી, થરાદ, દિયોદર, સિદ્ધપુર, સહીતનાં બનાસકાંઠાનાં વેપારી મથક ડીસા માં બપોર થી એસ.ટી. વિભાગના ચાલકો, કંડક્તરો, અને કામદારો તેમની વિવિધ માંગણી ન કે, બસોનાં કન્ડમ સ્પેરપાર્ટ બદલવા, ડ્રાઈવરોને ફરજ પર નિયમિત મુકવા, સમય પત્રક આડેધડ ફેરફાર કરતા ડીસા ડેપો મેનેજર ને સસ્પેન્ડ કરો, હજારો મુસાફરો અટવાયા છે, જયારે બીજી તરફ યુનિયન સાથે વિભાગીય નિયામક સહીતનાં આલા અધિકારી ગણ વાતાઘાતો દોડી આવ્યા હતા અને હડતાલી કર્મચારી ગણ સાથે વાટાઘાટો અને મસલતો નો દોર યોજયો હતો, જેમાં હડતાલી કર્મચારીની મુખ્ય





(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડેપો માં હડતાલ ચાલી રહી છે આ તમામ ડેપોનાં ચાલકો, કંડક્તરો, અને કામદારો તેમની વિવિધ માંગણી સંદર્ભે બપોરથી હડતાલમાં જોડાયા છે જેનાથી ૫૦૦થી વધુ બસોનાં પૈડા થંભી જતા વિદ્યાર્થી અને મુસાફરો રખડી પડ્યા છે. હડતાલની ખબર મળતા પોલીસ અને એસ.ટી. વિભાગીય નિયામક સહીત ના અધિકારી ડીસા દોડી આવ્યા હતા, જેનાથી ભારે અફર તફરી ફેલાઈ હતી.

સંતોસતા હડતાલમાં જોડાયા છે અચાનક કરાયેલી આ અચોક્કસ મુદતની હડતાલ માં ડીસા, રાધનપુર, પાલનપુર, અંબાજી, થરાદ, દિયોદર, સિદ્ધપુર, સહીતનાં ડેપોનાં કર્મચારી પણ જોડાતા આ હડતાલમાં હાલની તાઝા સ્તીથી એ ૩૫૦૦ જેટલા કર્મચારી જોડાયા હતા જેનાથી આ તમામ ડેપો માં વાહન વ્યવહાર માં વપરાતી ૫૦૦ જેટલી બસોનાં પૈડા થંભી ગયા છે, આ હડતાલી કર્મચારીગણની માંગણી છે મુસાફરો અને એ,ટી સ્ટાફ વચ્ચે તકરાર કરાવતા ડીસા મેનેજર સામે કાર્યવાહી, ખોટા રીપોર્ટ થી થતી બદલી અટકાવા કાર્યવાહી, તેમજ ચાલકો અને કંડકટર માટે વિશ્રામ ગૃહો બનાવવા સહીત ની તાત્કાલિક અમારી માંગો પૂરી કરો તેવું આ હડતાલી કર્મચારી જણાવી રહ્યા છે.

જયારે આ હડતાલમાં મુસાફરો અને વિદ્યાર્થીઓની હાલત બદતર બની છે આ તમામ વિવિધ સાત ડેપોમાં હાલની તાઝા સ્તીથીએ ચલાવી રહ્યા છે ત્યારે મુસાફરો માટે કોઈ વ્યવસ્થા અહી થઈ નથી લકો અને ખાસ કરીને વિદ્યાર્થીઓ હડતાલના ૨ કલાકમાં ભારે પરેશાનવિંફ્શ ઉઠ્યા છે એવા કેટલાક ગામો છે કે જયાં માત્ર બસ જ યાતા -યાત નું એક માત્ર સાધન છે ત્યાં જતા વિદ્યાર્થી હાલ બસ ડેપો માં અટવાયા હતા.

જયારે બીજી તરફ આ મામલાનાં ઉકેલ માટે પાલનપુરથી એસ ટી વિભાગના ડીસી ડીસા ખાતે માંગોમાંથી ડેપો મેનેજર સામે બે દિવસમાં ઉચિત કાર્યવાહી કરવી, ટ્રાફિક ઈન્સ્પેકટરની બેદિવસમાં બદલી કરવી, આ હડતાલ સ્વયંભુ હોઈ કોઈ પણ કર્મચારી સામે પગલા ન લેવા ,તેમજ કર્મચારી ના પડતર ને નાં નિકાલ કરવા જેવી માંગણી હાલ સંતોષાઈ હતી, આમ આ વાટાઘાટો અને મસલતો નું ફળદાઈ પરિણામ આવતા સાંજનાં ૪ કલાક બાદ આ હડતાલ સમેટાઈ હતી અને બસો પુનઃ રાબેતા મુજબ ચાલુ કરાઈ છે.

# મોડાસા તાલુકા પંચાયત ભાજપના સદસ્ય દારૂની હેરાફેરી કરતાં એલ.સી.બી.ના હાથે ઝડપાયા

## મોડાસાના રાજકરણમાં આ ઘટનાને લઈને આવેલો ગરમાવો

મોડાસા, તા.૨૩

ગાંધીના ગુજરાતમાં દારૂની પાબંધી હોવા છતા પણ બીજા રાજયો કરતાં ગુજરાત રાજય માં દારૂ વધારે વેચાય છે અને પીવાય છે. ગઈકાલે જ મોડાસા નજીક આવેલ ગાજણ ગામની સીમમાં શામળાજી પોલીસ ધ્વારા ટુંકા સમયગાળામાં પકડી પાડેલ રૂ. ૪ કરોડના દારૂમાંથી એક કરોડ બત્રીસ લાખ રૂપીયાના દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. ત્યારે ગઈકાલે રાત્રીના સુમારે મોડાસા તાલુકા પંચાયતના ભાજપાના ચાલુ સાગરીતો સાયરા ગામ નજીક રીક્ષામાં રૂ. ૯૬૦૦ની કીંમતની દારૂની પેટી એક નંગ ૧૨ અને બીયરની પેટી ૨ નંગ ૪૮ ભરીને જતા હતા તે દરમ્યાન એલ.સી.બી. પોલીસને શક જતા તેમણે તપાસ કરતાં રીક્ષામાં દારૂ હોવાનુ જણાતાં તેમની વિરૂધ્ધ રૂરલ પોલીસ મથકે ફરીયાદ નોધાવી હતી આ અંગે મોડાસા રૂરલ પી.એસ.આઈ ઝાલાએ બળવંતસિંહ મકવાણા (રહે.મહાદેવપુરા. તા.મોડાસા. જિ.અરવલ્લી) અશોકજી બાલાજી સોલંકી (રહે.મહાદેવપુરા.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ડેલીગેટ રૂ. ૯૬૦૦ની દારૂની હેરાફેરી કરતાં મોડાસા એલ.સી.બી.પોલીસના હાથે ઝડપાઈ જતા આ ઘટના આજે સમગ્ર દિવસ દરમ્યાન મોડાસા શહેરમાં ટોક ઓફ ધી ટાઉન બનવા પામી હતી.

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર ગઈકાલે રાત્રીના સુમારે તાલુકા પંચાયતના સદસ્ય અશોકજી અને તેમના તા.મોડાસા. જિ.અરવલ્લી) તાલુકા પંચાયતના સદસ્ય વીજયકુમાર સોલંકી (રહે.મહાદેવપુરા. તા.મોડાસા. જિ.અરવલ્લી) વિક્રમસિંહ પરમાર (રહે.મહાદેવપુરા. તા.મોડાસા. જિ.અરવલ્લી) અને ગીરીશભાઈ પુંજારા (રહે.મહાદેવપુરા. તા.મોડાસા. જિ.અરવલ્લી) વીરૂધ્ધ ગુનો નોધી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.



# અરવલ્લી વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ઠાસરાના સૂફી વિરૂદ્ધ કાયદેસર પગલા ભરવા માંગ

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં અરવલ્લી જિલ્લા વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળના સભ્યોએ ઠાસરાના ઈમામ સૂફી મહેંદી હસન સામે મોડાસા પોલીસ સ્ટેશનમાં એફ.આર.આઈ. નોંધવા માટે તેમજ કાયદેસરની કાર્યવાહી કરવા આવેદનપત્ર અપાયું છે. નવરાત્રિ વિશે બિભત્સ શબ્દોનું ઉચ્ચારણ કરી તેમજ નવરાત્રી તહેવારને રાક્ષસોનો તહેવાર ગણવાના અરવલ્લી જિલ્લામાં ઘેરા પ્રત્યાઘાતો પડતા અને મોડાસા શહેરના વિશ્વ હિંદુ પરિષદના તેમજ બજરંગ દળના કાર્યકરોમાં રોષ ભભુકી ઉઠ્યો અને આવા કહેવાતા મૌલાના વિરૂદ્ધ એફ.આર.આઈ. નોંધવા માટે લેખીત રજુઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે વિહપ પ્રમુખ કિરીટ શાહ, રમણભાઈ પટેલ, પ્રવિણ પરમાર સહિતના કાર્યકરો મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને હાજર રહી મૌલાના વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરી માફી માંગવા અને હિન્દુ ધર્મ વિષે અપશબ્દો બોલવા માટે ગંભીર પરિણામ ભોગવવું પડશે. (તસવીર : જય અમીન, મોડાસા)

# તલોદ કોલેજમાં એવિએશન સેકટર વિશે પરિસંવાદ યોજાયો હતો

તલોદ, તા. ૨૩

તલોદની એચ.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ચાલતા કેરિયર કાઉન્સીલીંગ સેલના સંયુકત ઉપક્રમે જેટ એર એકેડેમિક અમદાવાદ દ્વારા 'એવિએશન સેકટર' પર વિસ્તૃત માહિતી આપતો એક પરિસંવાદ યોજાયો હતો.

આ પરિસંવાદને ખુલ્લો મૂકતા સંસ્થાના આચાર્ય ડૉ. જે.સી. પટેલે સ્નાતક શિક્ષણની સાથે સાથે વ્યવસાયલક્ષી તાલીમ અભ્યાસક્રમો દ્વારા વ્યકિતત્વ વિકાસ અંગે રહેલી વિશાળ તકો વડે જુદા જુદા ક્ષેત્રોમાંથી રોજગારીની તકો મેળવી શકાય છે. જેને તેનો પૂરે પૂરો લાભ લેવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો.

આ પરિસવાદમાં જેટ એર એકેડમિના સંચાલક પરેશભાઈ મહેશ્વરી અને તેમના સ્ટાફ દ્વારા એરફોર્સમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એરફોર્સમાં જોડાવવા માટે વિવિધ ડિપ્લોમા અને ડીગ્રી કોર્ષની રસપ્રદ માહિતી આપી હતી. ખાસ કરીને ડિપ્લોમાં ઈન એરપોર્ટ મેનેજમેન્ટ, ડિપ્લોમાં ઈન ફેશન ડિઝાઈન, ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ મેનેજમેન્ટ, ડિપોલમાં ઈન ગ્રાઉન્ડ સ્ટાફ વગેરે એરફોર્સને લગતા તમામ કોર્સિસની માહિતીથી વિદ્યાર્થીઓને અવગત કરાયા હતા.

કાર્યક્રમનું સંચાલન પ્રો. એમ.આર. પરીખ અને ડો. કે.એમ. ડિંડોરે કર્યું હતું.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજમાં સ્થિત એસ.ટી. બસ ડેપોમાં જાયન્ટસ ગૃપ અને જિલ્લા આરોગ્ય તથા તાલુકા હેલ્થ કચેરીના સહયોગથી નિઃશુલ્ક એન.સી.ડી. નિદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ડ્રાઈવરો, કંડકટરો, વર્કશોપના કામદારો સહિત પ્રાંતિજ નગરજનોએ લાભ લીધો હતો. જેમાં ૩૬૦ થી વધારે દર્દીઓની તપાસણી કરવામાં આવી હતી. શિબિરમાં ડૉ. મનીષ ફેન્સી, ગીરીશભાઈ પટેલ, કુ. કૌશલ્યા કુંવરબા, અમીન દેસાઈ, ડૉ. એન.કે. ડેરિયા, વજેશભાઈ, મિતેષભાઈ પટેલ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ધનસુરા તાલુકા પંચાયતના અમુક સદસ્યોના લાગતા વળગતા કોન્ટ્રાકટરોને

# ટી.ડી.ઓ.એ ટેન્ડર ન આપતા બદલી થયાની તાલુકામાં ચર્ચા

## તાલુકા પંચાયતના રાજકારણને કારણે ટી.ડી.ઓ.ની બદલી

(જીતેન્દ્ર પટેલ) ધનસુરા, તા.૨૩

કોઈકે સાચુ જ કહયુ છે કે સત્તા આગળ શાણપણ નકામુ આ કહેવત હાલ તો ધનસુરા તાલુકા વિકાસ અધિકારી માટે સાચી સાબીત થઈ હોય તેમ ભાજપના સત્તાધિશો નુ મન માન્યુ ના થવા દેતા અધિકારીને આજે કારાવાસ રૂપે મળી છેક પોરબંદર બદલી રૂપી કારાવાસ સત્તાના મોહમાં અંધ બનેલા ભાજપના ભેજાબાજોએ ચોગ લેધો એક પ્રમાણીક અધિકારીનો ધનસુરા તાલકુ પંચાયતના તાલુકા વિકાસ અધિકારી ધ્વારા તાલુકા પંચાયત ભાજપના કેટલાક સદસ્યોની અમુક માંગણીઓ ના સ્વીકારાતાં તાલુકા પંચાયતના સદસ્યોએ તાત્કાલીક રાજયમાં પોતાના પક્ષની સરકાર હોઈ સજારૂપે તાલુકા વિકાસ અધિકારીની પોરબંદર ખાતે બદલી કરાવી હતી.

કેન્દ્રમાં અને ગુજરાતમાં ભાજપની સરકાર છે અને આ સરકારની સત્તામાં અંધ બન્યા છે. ભાજપના કાર્યકરો અને સત્તાધિશોની આ વાત છે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકા પંચાયતમાં તાલુકા વિકાસ અધિકારી ભાજપના સત્તાધિશોને તાબે ના થતાં અને સત્તાધિશોએ સકરારી કામમાંથી મલાઈ તારવી લેવા પોતાના મળતીયાઓને ટેન્ડર આપવા તાલુકા વિકાસ અધિકારીને લેટરપેડમાં લેખીતમાં રજુઆત કરી એક ખાનગી કંપનીને કોન્ટ્રાકટ આપવા માંગણી કરી હતી અને જયારે તાલુકા વિકાસ અધિકારી આ માંગને તાબે ન થતાં ત્યાં શરૂ થયુ નેતાઓનુ ભગવુ રાજકારણ. વાત પહોચી છેક ઉપર સુધી અને કરાવાસરૂપે બદલી થઈ નિર્દોષ તાલુકા વિકાસ અધિકારીની પોરબંદર ખાતે પોતાનુ ધાર્યુ ન કરી શકતા આ રાજકારણીઓ ગાંધીનગરનો સંપર્ક કરી તાલુકા વીકાસ અધિકારીને અહીથી બદલી કરી દેતા જણાવી દીધુ અને અધિકારીની પ્રામાણીકતાને કોરે મુકી ભગવા રાજકારણીઓ એ આ તાલુકા વિકાસ અધિકારીની બદલી પોરબંદર કરી દીધી હવે જયારે આ તાલુકા વિકાસ અધિકારીની બદલી થઈ છે ત્યારે સ્પષંટ દેખાય છે કે રાજકારણે આ તાલુકા વીકાસ અધિકારીનો ભોગ લીધો છે.

આમ છતા જયારે ભાજપના જવાબદારોનો આ બાબતે સપંર્ક કર્યો તો આ બાબતે આ લોકો શાહમૃગ નિતી અપનાવી રહયા છે અને આ બદલીમાં પોતાનો કોઈ હાથ ના હોવાનો રાગ આલોપી રહયા છે. ભારતમાં હંમેશા રાજકારણી અધિકારી ઓ પર હાવિ રહયુ છે. એના કારણે જ આવા પ્રામાણિક અધિકારીઓનો ભોગ લેવાય છે. જેથી સરકાર ધ્વારા સરકારી કર્મચારીઓનો ભોગ ના લેવાય તે માટે ધ્યાન પણ રાખવુ જોઈએ નહી તો આવનારા દીવસો માં પ્રામાણીકતાનુ ના નિષાન શેષ થઈ જશે.

## તલોદમાં બે મહિલાને સાપે ડંખ માર્યો

તલોદ તાલુકામાં એક જ દિવસમાં બે મહિલાને સાપ કરડવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા હતા. સાપે ડંખ મારતા બન્ને મહિલાને બેભાન હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં હાલ બન્ને મહિલાની હાલત સુધારા પર છે. તલોદ તાલુકા ગ્રામ્ય વિસ્તારમાં ઘણા સમયથી સરીસૃપ જીવો મોટા પ્રમાણમાં દેખાઈ રહ્યા છે. તલોદના વક્તાપુર ગામે સાપ કરડવાનો કિસ્સો બન્યો હતો. વક્તાપુર ગામની ૩૫ વર્ષીય મહિલા હર્ષદબા ગુમાનસિંહ ઝાલા પોતાના ઘર આંગણે કામકાજ કરી રહી હતી ત્યારે અચાનક જ સાપે ડંખ મારતા મહિલા બેભાન થઈ જમીન પર ઢળી પડી હતી.

## ભિલોડા-ઈડર માર્ગ પર ટેમ્પાચાલકે બાઈકચાલકને ટક્કર મારતા મહિલાનું સારવાર દરમિયાન મોત

ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા-ઈડર ધોરીમાર્ગ ઉપર વીરપુર ત્રણ રસ્તા પાસે ટેમ્પા ચાલકે બાઈક ચાલકને ધડાકાભેર ટક્કર મારતા બાઈક ચાલક ખસેડાયા હતા. બાઈક પાછળ બેઠેલા કપીલાબેન ચંદુભાઈ પટેલ ભિલોડા તાલુકાના સીલાસણ ગામના વતની કિશનગઢ પી.એચ.સી.કેન્દ્રમાં ફરજ બજાવતાંહતા. કપીલાબેન પટેલના શરીર



(તસવીર : જીતુ ત્રિવેદી, ભિલોડા)

ઘવાયો અને મહિલાનું સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજ્યું હતું.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. સરસવતીબેન બલાતના જણાવ્યા મુજબ વીરપુર ત્રણ રસ્તા પાસે આજે સવારે ૧૦:૦૦ વાગ્યાના સુમારે આઈશર ટેમ્પો નંબર.જી.જે.૯. ઝેડ.૧૭૭૨ નો ચાલક પુરપાટ ઝડપે ગફલતભરી રીતે બેદરકારીપુર્વક ટેમ્પો હંકારતાં હતો.હિરો હોન્ડા પેશન બાઈક નંબર.જી.જે.૧૮.એઈ.૧૫૬૨ ના ચાલકને ધડાકાભેર ટક્કર મારતા ભિલોડા તાલુકાના સીલાસણ ગામના હિતેશભાઈ પનાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૩૮ છે.બાઈક ચાલક ગંભીર રીતે ઘવાયા હતા. હિતેશભાઈ પટેલ બાઈક ચાલકને વધુ સારવાર અર્થે મોડાસા ઉપર તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલ હતી.ભિલોડા ૧૦૮ વાન મારફતે મહિલાને કોટેઝ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા પરંતુ કપીલાબેન પટેલનું સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજતાં કોટેઝ હોસ્પિટલ મેડીકલ ઓફીસરએ મહિલાના મૃતદેહનું પી.એમ. કરી મૃતદેહ પરીવારજનોને સોપતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા. ભિલોડા તાલુકા સહિત પટેલ સમાજમાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.ભિલોડા તાલુકાના સીલાસણ ગામના અશ્વિનભાઈ સવજીભાઈ પટેલએ આ અકસ્માત બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

# ખેરોજ નજીક જીપની ટકકરે બાળકીનું મોત

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેરોજ ચોકડી પાસે બેફામ ગતિએ દોડી આવતી જીપના ચાલકે ૯ વર્ષની માસૂમ બાળકીને અડફેટે લેતા તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત થવા પામ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ નજીક માર્ગ પરથી ૯ વર્ષીય કિશોરી કૈલાસ રમેશભાઈ ખોખરીયા માર્ગ ઓળંગી રહી હતી દરમિયાન માર્ગ પરથી પુરપાટ ઝડપે પાછળથી દોડી આવતી જીપના ચાલકે બાળકીને જોરદાર ટકકર મારતા બાળકી માર્ગ પરથી ફંગોળાઈ જતા શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે જ પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. આ સંદર્ભે ખરોજ પોલીસે જીપ ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર

Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦